ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૪ ટકા

# આજે આઠમ: માતા શ્વેતાંબરધરા મહાગૌરીનો અનોખો છે મહિમા

## મા જગદંબાએ આઠમા નોરતે મહાગૌરી સ્વરૂપ ધારણ કર્યું હતું



ગાંધીનગર, તા.૨

તારીખ ૩ ને સોમવારે નવરાત્રિનો આઠમો દિવસ અર્થાત આઠમું નોરતું છે. આ દિવસે મા જગદંબાએ મહાગૌરી સ્વરૂપ ધારણ કર્યું હતું. "માં" શબ્દ જ એવો છે કે તેને બોલતાં જ મોં ભરાઈ જાય અને અનન્ય આનંદની અનુભૂતિ થાય છે. અને "માં" નો મહિમા અને મમતા પણ એવી છે કે હૃદયના સાચા ભાવથી જો તેમની ઉપાસના કરવામાં આવે તો "માં" ચોક્કસ રીતે અને અણધાર્યા કામ પાર પાડે. સ્વપ્નમાં પણ જે ન વિચાર્યા હોય તેવા કામો પાર પાડે અને મોટા ડુંગર જેવી અતુટ તકલીફોનો પળવારમાં ભાંગીને ભૂક્કો કરી નાંખે એનુ નામ "માં". મા જગદંબાએ આઠમા નોરતે મહાગૌરી સ્વરૂપ ધારણ કર્યું હતું. માતાજીનો વર્ણ ગોરો હોવાથી માને મહગૌરીના નામથી ઓળખવામાં આવે છે. આ ગૌરતાની ઉપમા શંખ, ચંદ્ર અને મોગરાના પુષ્પથી અપાઈ છે. તેમની ઉંમર આઠ વર્ષની માનવામાં આવી છે. "અષ્ટ વર્ષા ભવેદ્ ગૌરી". માતાજીના સમસ્ત આભૂષણ અને વસ્ત્રો શ્વેત રંગના છે. માતાજીને ચાર ભૂજાઓ છે, અને તેમનું વાહન વૃષભ છે. માતાજીનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના જમણા હાથમાં ત્રિશૂળ છે. ઉપરના ડાબા હાથમાં ડમરુ છે અને નીચેનો ડાબો હાથ વરમુદ્રામાં છે. માતાજીની મુદ્રા અત્યંત શાંત છે. તેમણે ભગવાન શિવના વરણ માટે કઠોર સંકલ્પ કર્યો હતો. પોતાના પાર્વતી રૂપમાં માતાજીએ ભગવાન શિવને પતિરૂપે પામવા માટે ઘણું કઠોર તપ કર્યું હતું.

જન્મ કોટિ લગિ રગર હમારી।
બરઉ સંભુ ન ત રહઉં કુઁઆરી॥


આ કઠોર તપને કારણે તેમનું શરીર એકદમ કાળું પડી ગયું. તેમના તપથી પ્રસન્ન થઈને જ્યારે ભગવાન શિવે તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી ધોયું ત્યારે તેઓ વિદ્યુતપ્રભા જેવા અત્યંત કાન્તિમાન-ગૌર થઈ ઉઠ્યાં, ત્યારથી તેમનું નામ મહાગૌરી પડ્યું. નવરાત્રિના આઠમાં નોરતે મા મહાગૌરીની પૂજા કરવાનું અનન્ય મહત્વ રહેલું છે. માતાજીની શક્તિ અમોઘ અને તરત ફળ આપનારી છે. મા મહાગૌરીની ઉપાસના કરવાથી ભક્તોના પૂર્વસંચિત પાપોનો નાશ થાય છે અને સાથે જ ભવિષ્યમાં પાપ-સંતાપ કે દુઃખ સહિતની વસ્તુઓ ક્યારેય જીવનમાં આવતી નથી. મા મહાગૌરીની ઉપાસના કરનારો ભક્ત સર્વપ્રકારે પવિત્ર બની અક્ષણ પુણ્યનો અધિકારી બની જાય છે.

મા મહાગૌરીની પૂજા-આરાધના અને ઉપાસના ભક્તો માટે દરેક રીતે કલ્યાણકારી છે. માતાજીની કૃપા જે ભક્ત પર વરસે તેને અલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મનને અનન્ય ભાવે એકનિષ્ઠ કરી ભક્ત જો તેમના પાદારવિંદોનું ધ્યાન ધરે તો તે ભક્તના તમામ કષ્ટો અવશ્ય મા મહાગૌરી દૂર કરે છે. મા મહાગૌરીની ઉપાસનાથી આર્તજનોના મુશ્કેલમાં મુશ્કેલ અસંભવ કાર્યો પણ સંભવ બની જાય છે. પુરાણમાં માતાજીના મહિમાનો ખૂબ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મા મહાગૌરી મનુષ્યની વૃત્તિઓને સત્ય તરફ પ્રેરિત કરીને તેના જીવનમાંથી અસત્યનો વિનાશ કરે છે.

### અષ્ઠમીએ હવનનું આ છે મહત્ત્વ

નવરાત્રિના આઠમાં નોરતાને ઉમાષ્ટમી તરીકે પણ ઓળખાય છે અને સમગ્ર નવરાત્રિના અનુષ્ઠાન સંદર્ભે આ દિવસે હવન કરવાનું ખૂબ જ મહત્ત્વ છે. ગુજરાતમાં તો શક્તિપીઠ અંબાજી સહિતના મોટા મંદિરોમાં આ દિવસે વિશેષ હવન યોજાય અને માતાજીને વિવિધ ભોગ ધરાવવામાં આવે છે. આનંદ ઉચ્છવ મનાવવામાં આવે છે. હવનનો નભમાં જતી ધૂમ્રસેરોથી સમગ્ર વાતાવરણ સુગંધિત, પવિત્ર અને શુદ્ધ થઈ જતું હોય છે, જે જીવમાત્રને માટે ખૂબ જ સ્વાસ્થ્ય પ્રદાન કરનાર હોય છે. નભોમંડળમાં અલૌકિક તેજ વ્યાપે છે અને પોતાના ભક્તોની પ્રાર્થના સાંભળવા, મનોકામનાઓ પૂર્ણ કરવા, કષ્ટ કાપવા મા મહાશક્તિ આશીર્વાદ આપે છે.

## જન્મદિને વધામણી



પ્રકાશ જહા
ચીફ રીપોર્ટર
ગાંધીનગર સમાચાર
મો. ૯૦૯૯૯ ૫૧૫૭૧



હેતલ પી પટેલ
મો. ૯૮૨૫૨ ૯૦૩૨૨



રાજદીપસિંહ વાઘેલા
મો. ૭૩૮૩૭ ૪૯૭૫૬



જયેન્દ્રસિંહ ગોહિલ
મો. ૯૯૭૪૨ ૨૨૭૫૩



ડિમ્પલ ગેલવાની
મો. ૯૧૫૭૪ ૨૭૭૬૭



પરમાર ભાનુપ્રસાદ પી.

## રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૨

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ગાંધીજીના વ્યક્તિત્વને ઉજાગર કરતા પુસ્તકોનું વિશાળ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પુસ્તક પ્રદર્શન નિવૃત ગ્રંથાલય નિયામક કૌશિકભાઈ શાહ દ્વારા ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરાના રાજય ગ્રંથપાલ જે.કૈ. ચૌધરી, મદદનીશ ગ્રંથાલય નિયામક આર.ડી. પરમાર, બાબુભાઈ ચૌધરી તથા ડૉ. અમિતાબેન દવે, નિવૃત ગ્રંથપાલ વર્ષાબેન પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતાં. આ ઉપરાંત ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓના જિલ્લા ગ્રંથપાલ પણ આ પ્રસંગે હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજય મધ્યસ્થ ગ્રંથાલયના રાજય ગ્રંથપાલ તથા નિયામક, ગ્રંથાલય કચેરી ડૉ. પંકજભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



શ્રી જય અંબે પરિવાર, ગાંધીનગર દ્વારા અંબાજીથી મા જગદંબાના નીજ મંદિરમાંથી જયોત લાવી કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં તથા જય અંબેના કાર્યાલય સેકટર -૧૩/બી ખાતે પ્રથમ નોરતે સ્થાપન કરી પૂજા - અર્ચના કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજે સાતમા નોરતે સેકટર ૧૩ ખાતે માતાજીની જયોત સમક્ષ, મા દુર્ગાના નવ સ્વરૂપે ૩ થી ૯ વર્ષની નવ કુમારીકાઓને દૈવી શણગાર સજાવી બીરાજમાન કરી પૂજા કરી માંની આરાધના કુમારીકા પૂજન સ્વરૂપે કરવામાં આવી હતી સાથે સાથે એક બટુક પૂજન પણ કરવામાં આવ્યું હતું.

## સે-૨૭ આનંદનગર સોસાયટીમાં વેશભૂષા સાથે નવરાત્રીની ઉજવણી




આનંદનગર સોસાયટીમાં નારી શક્તિ દ્વારા ગરબાનું સંપુર્ણ આયોજન કરવામાં આવ્યું છે. શંકર ભગવાન, મરાઠી પહેરવેશ, પોલીસ, મીરાબાઈ, ડોકટર, વીર ભગતસિંહ, બંગાળી, વૃક્ષ વાવો- વૃક્ષ બચાવો, નાના બાળકો પણ જુદા જુદા પ્રકારના પ્લે કાર્ડ ધ્વારા સમાજને ઉપયોગી મેસેજ આપ્યો હતો. દરરોજ નવા નવા ડ્રેસ કોડ પ્રમાણે ગરબા રમવામાં આવે છે. દર વર્ષેની જેમ આ વર્ષે પણ આઠમના દિવસે બેડા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. નારી શક્તિ દ્વારા પ્રસાદનું વિતરણ, નાસ્તાનું આયોજન, ફંડફાળો કે જરૂરી જાહેરાત હોય તે પણ તેમના ધ્વારા કરવામાં આવે છે. મહિલા પ્રમુખ સરિતાબેન ગોંડલિયા અને તેમની ટીમ દ્વારા ખુબ સરસ આયોજન કરવામાં આવ્યું છે.



સેક્ટર-૬/બી ગરબી ચોકમાં ભાવિક ભક્તો દ્વારા નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી





વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં સૌપ્રથમ માતાજીની પૂજા તથા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાનું પટાંગણ રંગોળીથી સજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળા પરિવારના દરેક બાળકો તેમના વાલીઓ તથા ફેકલ્ટીઝ એ ટ્રેડિશનલ પરિધાનમાં સજ્જ થઈ ગરબાની રમઝટ બોલાવી હતી. પધારેલ સર્વે દ્વારા મહાઆરતી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ભરતભાઈ વાઢેર ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયકઓએ ખૂબ જ ઝીણવટ ભર્યું નિરીક્ષણ કરી સૌથી શ્રેષ્ઠ ગરબા રમનાર વિદ્યાર્થીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક ફાળવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી અને કાર્યક્રમને સફળતા પૂર્વક સંપન્ન કર્યો હતો.

## સે-૧૭ ટાઉનહોલ ખાતે નેચર ફર્સ્ટનો કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨

નેચર ફર્સ્ટ ૬૦ મુ સપ્તાહ સેક્ટર ૧૭ ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં એન પી પટેલ નેચર ફર્સ્ટના પ્રણેતા અને પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા સાથે આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલ, પુસ્તક પરબના અશોકભાઈ પટેલ પણ હાજર રહયા હતા. આ કાર્યક્રમની સાથે ગાંધી જયંતિ, ગાંધી વંદનની પૂર્વ સંધ્યાએ એક સફાઈ અભિયાન કરવામાં આવેલ હતું. પ્લાસ્ટિકની ગંભીરતા અને પ્રદુષણની જે ખરાબ પરિસ્થિતિ છે તેના માટે મહેન્દ્રભાઈ ત્રિવેદીએ વકતવ્ય આપ્યું હતુ અને હવે પછી આના ખરાબ પરિણામો ભોગવવા ના પડે તેમ જણાવ્યું હતું.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદ નો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## જે.બી.પ્રાથમિક શાળામાં દવાઓ વિશે જાણકારીનો સેમિનાર યોજાયો





ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી.પ્રાથમિક શાળામાં કેબીપીઆઈઆર કોલેજના ફાર્મ ડી વિભાગના પાંચમા વર્ષમાં અભ્યાસ કરતાં તજજ્ઞો દોશી જીત, પટેલ પીના, પ્રજાપતિ વિરલ દ્વારા દવાઓની જાણકારી આપતાં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓને વિવિધ દવાઓની જાણકારી આપવામાં આવી હતી સાથે દવાઓના ઉપયોગ અંગે વિવિધ ગેમ્સ અને પ્રશ્નોત્તરી દ્વારા માહિતી આપવામાં આવી હતી અને કુટુંબના સભ્યોને પણ કેવી દવા માફક આવે તેનું જ્ઞાન અપાયું હતું. શાળાના આચાર્યએ તજજ્ઞોના આ પ્રયાસને બિરદાવી પ્રોત્સાહિત કર્યા હતા.

## આર.સી.પટેલ હાઈસ્કુલ ખાતે નવરાત્રી ઉત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિદ્યાલયની ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી.પટેલ સે અને હાયર સેકન્ડરી સ્કુલમાં ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે નવરાત્રી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકો પણ જોડાયા હતા અને ગરબે ઘુમ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા તો વિદ્યાર્થીઓ પરંપરાગત વેશભુષા ધારણ કરી ગરબે રમ્યા હતા અને આનંદ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાના શિક્ષિકા મલ્લિકાબેન પટેલે કર્યુ હતું તો શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી. નિર્ણાયક તરીકે વર્ષાબેન પરીખ અને રોશનીબેન બ્રહ્મભટ્ટે જવાબદારી નિભાવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.મોદી જયંતિલાલ મણીલાલ ઉ.વ.૬૨, મગોડી
- સ્વ.ઠાકોર રાજુજી ચંદુજી ઉ.વ.૪૪, રીદ્રોલ, માણસા
- સ્વ.વાઘેલા ચંચલબેન સેંધાજી ઉ.વ.૯૦, લેકાવાડા

● રૂદ્રભૂમિ ●

- સ્વ.દેવી ચેતનાબેન અમરતલાલ ઉ.વ.૬૮, સેકટર-૭
- સ્વ.પાંડેય અવધેશપ્રસાદ ઉ.વ.૬૫, સેકટર-૨